રાજ્ય, મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાએ મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશનની રચના અને અમલીકરણ.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ નમલ/૧૦૨૦૧૩/૩૫૨૧(પાર્ટ૧)/ધ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૩/૦૭/૨૦૧૪.

<u>વંચાણે લીધોઃ</u>

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો સરખા ક્રમાંકનો તા. ૨૫/૨/૨૦૧૪નો ઠરાવ.

આમુખઃ-

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" ના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનમંત્રને સાકાર કરી, તેના દ્વારા રાજ્યના તમામ શહેરો અને નગરોને "ઝીરો વેસ્ટ સીટી" બનાવી તબક્કાવાર આવતા પાંચ વર્ષમાં કામગીરી કરવા અંગેની બાબતમાં વંચાણે લીધેલ ઠરાવથી "મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન" ની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વંચાણમાં લીધેલ ઠરાવમાં નિયત કરવામાં આવેલી સ્વચ્છતા અને તેની સાથે જોડાયેલી પૂરક પ્રવૃતિઓ જેવી કે,

(૧) આ સાથે સામેલ પરિશિષ્ટ-૪ મુજબનો ઘટકવાર કાર્યક્રમનો ૨૦૧૪-૧૫ થી ૨૦૧૮-૧૯ સુધીમાં ફેઈઝ વાર અમલ.

(૨) રાજ્યમાં "ઝીરો વેસ્ટ સીટી" નીતિનું નિર્ધારણ.

(3) તમામ શહેરો માટે "સીટી સેનીટેશન પ્લાન"

(૪) કાર્યક્રમની દેખરેખ માટે તમામ શહેરોની ટાસ્ક-ફોર્સની રચના.
(૫) માર્ચ-૨૦૧૫ સુધીમાં શૌચાલય વગરના શહેરી ઘરોમાં ૧૦૦ ટકા વ્યક્તિગત / સામુહિક શૌચાલયની વ્યવસ્થા / સુવિધા.
(૬) તમામ સફાઇ અને ડ્રેનેજ કર્મચારીઓનું વર્ષમાં બે વાર નિઃશુલ્ક મેડીકલ ચેક-અપ.
(૭) નગરપાલિકાઓમાં "ઇકો-ફ્રેન્ડલી" સ્મશાન ગૃહોનું આયોજન.
(૮) શહેરો વચ્ચે સફાઇ સ્પર્ધા, રેટીંગ અને પુરસ્કાર
(૯) શહેરો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને નાણાંકીય / તાંત્રિક સહાય, તાલીમ અને સુદ્રઢીકરણ.
(૧૦) જન-જાગૃતિ અને જનભાગીદારી દ્વારા ઘનિષ્ઠ સફાઇ ઝૂંબેશ.

ઉપરના તમામ ઘટકોમાં હાથ ધરવાની થતી કાર્યવાહીનું વિગતવાર વિવરણ વંચાણે લીધેલ તા.૨૫/૨/૨૦૧૪ ના ઠરાવમાં કરવામાં આવ્યું છે તે તમામ કામગીરી રાજ્યકક્ષાએ, મહાનગરપાલિકા કક્ષાએ તેમજ જિલ્લાકક્ષાએ અમલીકૃત કરવા- અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

આથી કાળજીપૂર્વકની વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે "મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન" અંતર્ગત વંચાણમાં લીધેલ તા. ૨૫/૨/૨૦૧૪ના ઠરાવમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ તમામ કાર્યક્રમો અને પ્રવૃતિઓના અસરકારક અમલીકરણ અને વિનિયમન માટે રાજ્ય કક્ષાનું મીશન અને મહાનગરપાલિકા તેમજ જિલ્લા કક્ષાના સબ-મીશન કાર્ય કરશે. રાજ્યકક્ષાનું મીશન પરિશિષ્ટ -૧, મહાનગરપાલિકા કક્ષાનું સબ-મીશન પરિશિષ્ટ -૨ અને જિલાકક્ષાનું સબ-મીશન પરિશિષ્ટ -૩ મુજબ રહેશે. વંચાણમાં લીધેલ તા.૨૫/૨/૨૦૧૪ના ઠરાવમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ તમામ પ્રવૃતિઓના અમલીકરણના અને વિનિયમનની જણાવ્યા મુજબની જવાબદારી આ મીશન અને સબ-મીશન જે તે ક્ષેત્રમાં બજાવશે.

પરિશિષ્ટ - ૧ (રાજ્ય કક્ષાનું મીશન)

| | | |
|---|---|---|
| (૧) | માનનીય મંત્રીશ્રી(શહેરી વિકાસ)/માનનીય મુખ્ય મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | માનનીય રા.ક.મંત્રીશ્રી ( સ્વતંત્ર હવાલો) (પંચાયત અને ગ્રામ વિકાસ) | સભ્યશ્રી |
| (૩) | માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ( શહેરી ગૃહ નિર્માણ) | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય સચિવશ્રી | સભ્યશ્રી |
| (૫) | અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ | સભ્યશ્રી |
| (૬) | અધિક મુખ્ય સચિવશ્રી, (શહેરી વિકાસ) | સભ્યશ્રી |
| (૭) | અગ્ર સચિવશ્રી (પંચાયત) | સભ્યશ્રી |
| (૮)<br>(૯) | અગ્ર સચિવશ્રી અને કમિશ્નરશ્રી (આરોગ્ય અને તબીબી સેવાઓ)<br>અગ્રસચિવશ્રી અને કમિશનરશ્રી ( ગ્રામ વિકાસ) | સભ્યશ્રી<br>સભ્યશ્રી |
| (૧૦) | વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૧) | મેનેજિંગ ડાયરેકટરશ્રી, ગુજરાત શહેરી વિકાસ કંપની લી. ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૨) | સચિવશ્રી (હાઉસીંગ), શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય સચિવશ્રી |
| (૧૩) | મેમ્બર સેક્રેટરીશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૪) | નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૧૫)<br>(૧૬થી૧૯) | સભ્ય સચિવશ્રી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ<br>નિયુક્ત કરવામાં આવે તેવા ૩ નિષ્ણાતો/ વિષય સાથે સંકળાયેલા સામાજિક અગ્રણીઓ | સભ્યશ્રી<br>સભ્યશ્રી |

<u>રાજ્ય કક્ષાનું આ મીશન નીચે મુજબની કામગીરી કરશે.</u>

- આ મીશનની બેઠક દર ત્રણ માસમાં ઓછામાં ઓછી એક વાર મળશે.

- મહાત્માં ગાંધી સ્વચ્છતા મીશન અંગે બહાર પાડવામાં આવેલ તા.૨૫/૨/૨૦૧૪ ના ઠરાવમાં સમાવિષ્ટ તમામ બાબતો ના અમલીકરણ ની સમીક્ષા અને મોનીટરિંગ.
- આ મીશન માં સમાવેશ કરવા અંગે ની નવી બાબતો અને યોજનાઓ અંગે વિચારણા અને અનુમતિ.
- રાજ્ય કક્ષાએ પ્રચાર અને પ્રસાર.
- મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાના સબ-મીશન ને યોગ્ય માર્ગદર્શન.

પરિશિષ્ટ – ૨ (મહાનગરપાલિકા કક્ષાનું સબ-મીશન)

| | | |
|---|---|---|
| (૧) | જે તે મહાનગરપાલિકાના મેયરશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જે તે મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, | ઉપાધ્યક્ષશ્રી |
| (૩) | જે તે મહાનગરપાલિકાની વોટર સપ્લાય અને સુઅરેજ સમિતિના ચેરમેન. | સભ્યશ્રી |
| (૪) | જે તે મહાનગરપાલિકાની હેલ્થ એન્ડ સોલીડવેસ્ટ સમિતિના ચેરમેન. | સભ્યશ્રી |
| (૫) | જે તે મહાનગરપાલિકાની હાઉસીંગ ઇમ્પ્રુવમેન્ટ એન્ડ ઇ.ડબલ્યુ.એસ. આવાસ સમિતિના ચેરમેન. | સભ્યશ્રી |
| (૬) | જે તે મહાનગરપાલિકાના એક નાયબ કમિશ્નરશ્રી (મ્યુનિસિપલ કમિશ્નર સૂચવે તે) | સભ્ય સચિવશ્રી |
| (૭) | જે તે મહાનગરપાલિકાના સીટી ઇજનેરશ્રી | સભ્યશ્રી |
| (૮) | જે તે મહાનગરપાલિકાના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ | સભ્યશ્રી |
| (૯-૧૦) | જે તે મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર કો.-ઓપ્ટ કરવા ઇચ્છે તેવા બે નિષ્ણાતો / સામાજિક અગ્રણી | સભ્યશ્રી |

આ સબ-મીશન નીચે મુજબની કામગીરી કરશે.

- આ સબ-મીશન દર મહિને એક વખત મળશે.

- રાજ્ય કક્ષાના મીશન દ્વારા/ સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવે તે પ્રકારે તા. ૨૫/૨/૨૦૧૪ ના ઠરાવ ની બાબતોનો અમલ કરશે.
- મહાનગરપાલિકા કક્ષાએ પ્રચાર અને પ્રસારની સૂચવ્યા મુજબની કામગીરી કરશે.
- રાજ્ય કક્ષાના મીશનને યોજનાઓના આયોજન અને અમલીકરણના અનુસંધાને સૂચનો કરશે.
- પબ્લીક-પ્રાઇવેટ પાર્ટનરશીપ અંગે આયોજન અને અમલ કરશે.

મહાનગરપાલિકા કક્ષાએ મીશનમાં સમાવેશ કરેલ તમામ બાબતોનું સંકલન કરી સરકારશ્રીને રિપોર્ટ કરશે.

પરિશિષ્ટ – ૩ (જિલ્લા કક્ષાનું સબ-મીશન)

| | | |
|---|---|---|
| (૧) | જિલ્લાના કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જિલ્લામાં સમાવિષ્ટ તમામ નાગરપાલિકાના પ્રમુખશ્રીઓ હોદ્દાની રૂએ | સભ્યશ્રી |
| (૩) | જિલ્લાના અધિક નિવાસી કલેકટરશ્રી | સભ્યશ્રી |
| (૪) | જિલ્લાના જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૫) | જિલ્લાના કાર્યપાલક ઇજનેરશ્રી પાણી પૂરવઠા | સભ્યશ્રી |
| (૬) | જિલ્લાના પ્રાંત અધિકારીશ્રીઓ | સભ્યશ્રીઓ |
| (૭) | જિલ્લાના જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ | સભ્ય સચિવશ્રી |
| (૮-૯) | જિલ્લા કલેકટરશ્રી કો.-ઓપ્ટ કરવા ઇચ્છે તેવા બે નિષ્ણાતો / સામાજિક અગ્રણી. | સભ્યશ્રી |

આ સબ-મીશન નીચે મુજબની કામગીરી કરશે.

- આ સબ-મીશન દર મહિને એક વખત મળશે.
- રાજ્ય કક્ષાના મીશન દ્વારા/ સરકારશ્રી દ્વારા સૂચવવામાં આવે તે પ્રકારે તા. ૨૫/૨/૨૦૧૪ ના ઠરાવ ની બાબતોનો અમલ કરશે.
- જિલ્લા કક્ષાએ પ્રચાર અને પ્રસારની સૂચવ્યા મુજબની કામગીરી કરશે.

- રાજ્ય કક્ષાના મીશનને યોજનાઓના આયોજન અને અમલીકરણના અનુસંધાને સૂચનો કરશે.
- પબ્લીક-પ્રાઇવેટ પાર્ટનરશીપ અંગે આયોજન અને અમલ કરશે.
- જિલ્લા કક્ષાએ મીશનમાં સમાવેશ કરેલ તમામ બાબતોનું સંકલન કરી સરકારશ્રીને રિપોર્ટ કરશે.

આ કામગીરી માટે થનાર ખર્ચ વંચાણમાં લીધેલ તા.૨૫/૨/૨૦૧૪ ના ઠરાવમાં સમાવિષ્ટ જે તે યોજનાઓ અંતર્ગત મંજૂર થયેલ બજેટ જોગવાઇ હઠળ પાડવાનો રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા૧૦/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)

નાયબ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

<u>પ્રતિ,</u>

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શ.વિ.)/પંચાયત/ગ્રા.વિ. ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી ( શહેરી ગૃહ નિર્માણ) ના અંગત સચિવશ્રી

- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી ના.વિ./શ.વિ./પં.અનેગ્રા.ગૃ.નિ.વિ./ આરોગ્ય/હાઉસીંગ શ.વિ.અનેશ.ગૃ.નિ.વિ.ના અંગત સચિવશ્રી.
- કમિશ્નરશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ/મેમ્બર સેક્રેટરીશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, નિયામકશ્રી, (ન.પા.)/સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ સંબંધિત સભ્યશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.
- તમામ જિલ્લા કલેકટરશ્રીઓ સંબંધિત સભ્યશ્રીઓને જાણ કરવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.

# પરિશિષ્ટ -૪

| ઘટક કાર્યક્રમ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ | ૨૦૧૭-૧૮ | ૨૦૧૮-૧૯ |
|---|---|---|---|---|---|
| **સામાન્ય** | | | | | |
| સીટી સેનીટેશન પ્લાન ઘડવા બાબત. | | | | | |
| જાહેર આરોગ્યના પેટા નિયમ ઘડવા બાબત. | | | | | |
| **ઘન કચરા વ્યવસ્થાપન** | | | | | |
| છુટા પાડેલા કચરાનું ૧૦૦ ટકા એકત્રીકરણ અને વહન | | | | | |
| જાહેર સ્થળો તથા શેરીઓની સ્વચ્છતા | | | | | |
| ઘન કચરાનું ૧૦૦ % પ્રોસેસીંગ / ટ્રીટમેન્ટ / રીયુઝ/ રીસાયકલીંગ | | | | | |
| ઘન કચરાનું ૧૦૦ % વૈજ્ઞાનિક ઢબે નિકાલ | | | | | |
| **પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન** | | | | | |
| ભૂગર્ભ ગટર અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું બાંધકામ | | | | | |
| શુધ્ધીકરણ થયેલ ગંદા પાણીનું રીયુઝ અને રીસાઇકલીંગ | | | | | |
| ફીકલ સ્લજ વ્યવસ્થાપન માટે મશીન પુરા પાડવા બાબત. | | | | | |
| **શૌચાલય** | | | | | |
| વ્યક્તિગત શૌચાલયનૂં બાંધકામ | | | | | |
| કોમ્યુનીટી / પે એન્ડ યુઝ / Shared શૌચાલયનું બાંધકામ | | | | | |
| જળાશય | | | | | |
| જળાશયોની જાળવણી | | | | | |
| **અન્ય** | | | | | |
| જન જાગૃતિ અભિયાન | | | | | |
| તાલીમ / કેપેસીટી બીલ્ડીંગ | | | | | |
| સફાઇ કામદારોનુ હેલ્થ ચેકઅપ | | | | | |
| કૈલાશધામ યોજના | | | | | |

શીઘ્ર પગલાં (immediate action)

સઘન પગલા (continued action)